CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१०९

रागज्योति

भाग-२

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

न्थालय
वाराणसी-५

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાગજ્યોતિ

બૃહદ ગુજરાત સંગીત સમિતિના પાઠચક્રમાનુસાર

દ્વિતીય ખણ્ડ

आम्नाय-ग्रन्थालय,
[illegible]
वाराणसी-5

સ્વરકાર અને શબ્દકાર
पूज्यपाद योगाचार्य सर्वप्रिय
स्वामी श्री कृपालानन्दजी महाराज
પ્રધાનાચાર્ય : શ્રી ગુરુદેવ સંગીત વિદ્યાલય
કરમસદ, વાયા આણંદ, ખેડા જિલ્લો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાગજ્યોતિ

બૃહદ્ ગૂજરાત સંગીત સમિતિના પાઠ્યક્રમાનુસાર

દ્વિતીય ખણ્ડ

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

સ્વરકાર અને શબ્દકાર

पूज्यपाद योगाचार्य सर्वप्रिय

स्वामी श्री कृपालानन्दजी महाराज

પ્રધાનાચાર્ય : શ્રી ગુરુદેવ સંગીત વિદ્યાલય

કરમસદ, વાયા આણંદ, ખેડા જિલ્લો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશક
શ્રી પટેલ ગોવર્ધનભાઈ સોમાભાઈ કોન્ટ્રાક્ટર
લાયબ્રેરી પાસે, કરમસદ
વાયા આણંદ, ખેડા જિલ્લો

आम्नाय-ग्रन्थालय,
वाराणसी-5

પ્રથમ સંસ્કરણ
૪૦૦૦ પ્રત
સર્વાધિકાર લેખકને સ્વાધીન

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન કાર્યાલય, અમદાવાદ-૧૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

મનોગત

રાગજ્યોતિના પ્રથમખંડની પ્રસિદ્ધિને માંડ બે માસ થયા હશે એટલામાં તો તે મહાગૂજરાતના મોટાભાગના સંગીતવિદ્યાલયોમાં અતિ આદર પામી ચૂકયો છે. એથી મેં પરમસંતોષ અનુભવ્યો છે. તેની સાથે એનો આ દ્વિતીયખંડ પણ સંગીતવિદ્યાલયોના પુનિત-ચરણોમાં પધરાવું છું. આ ખંડ પણ પ્રથમખંડની માફક આચાર્યોને અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઘણો જ ગમશે. રાગજ્યોતિનો તૃતીયખંડ ચારછ માસ પછી પ્રેસમાં આપી શકાશે -- અત્યારે એવું અનુમાન કરું છું.

હમણાં હું શ્રુતિ, સ્વર, ગ્રામ અને મૂર્છનાના મહાસાગરમાં ડૂબકીઓ મારી રહ્યો છું. મને સંપૂર્ણ શ્રદ્ધા છે કે આ ડૂબકીઓ વિશ્વતીર્થસમા ભારતવર્ષના શ્રીચરણોમાં રત્નાંબાર ધરશે. મુનિવર શ્રી ભરત, શ્રી મતંગ, શ્રી નારદ, શ્રી શાર્ઙ્ગદેવ, શ્રી દામોદર પંડિત વગેરે પ્રાચીન સંસ્કૃતગ્રંથકારોના ગ્રંથો પર પૂર્ણ પ્રકાશ નાખી શકાશે. એમના સ્વરો અને રાગો વિદ્વાન ગાયકવર્ગ સમક્ષ સુસ્પષ્ટ સ્વરૂપમાં ઉપસ્થિત કરી શકાશે. આમ પ્રભુની પરમકૃપાથી આપણે આપણું પ્રાચીન સંગીત પ્રાપ્ત કરી શકીશું – એવી અચળ અભિલાષા સેવું છું.

* * *

સંગીત આર્યસંસ્કૃતિનો આત્મા છે; તે છતાં એની આજે આર્યાવર્ત્તમાં જ્યાં ત્યાં અવહેલના થઈ રહી છે. એને દેશનો એક વર્ગ ભોગની સામગ્રી માને છે, બીજો વર્ગ પતનનું મહાકારણ માને છે અને ત્રીજો વર્ગ માત્ર કલા માને છે. ભલા, એટલું સ્થિર ચિત્તે વિચારો કે જેના પ્રવર્તક ભગવાન શિવ અને ભગવાન શ્રીકૃષ્ણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય અને જેના પ્રચારક દેવર્ષિ નારદ, મુનીશ્વર ભરત તેમ જ પવિત્રતાના અનંત મહાસાગર સમોવડી દેવી સરસ્વતી હોય એ સંગીત કઈ રીતે દૂષિત અને કઈ રીતે હાનિકારક હોય? કોઈ એક વ્યક્તિ સીડી ઉપર ચઢતાં પડી ગઈ અને એને સ્વપતનથી ભ્રાન્તિ જન્મી કે સીડી પતનનું કારણ છે એટલે એણે જનકલ્યાણ અર્થે પ્રચાર કરવા માંડ્યો કે, "ભાઈઓ અને બહેનો! આ સીડી પતનનું કારણ છે. એના ઉપર કોઈ ચઢશો નહિ." આ અજ્ઞાનપૂર્ણ પ્રચારમાં ભલે જનકલ્યાણની ભાવના જણાતી હોય પરંતુ એમાં સત્ય તો નથી જ નથી. મતિહીનો સીડીને પતનનું કારણ ભલે માની લે અને પતનનો ભય રાખી ભલે એનો ઉપયોગ ન કરે પરંતુ મતિમાનોએ તો સીડીને ઉત્થાનનું કારણ માનવી જોઈએ, નહિ કે પતનનું કારણ. વિવેકીજનો કદી વિસરતા નથી કે ચઢવાનું સાધન પડવાનું કારણ બની શકે છે. તે જ રીતે યોગનું સાધન ભોગનું કારણ બની શકે છે; તેથી શું યોગના માર્ગે જવું જ નહિ? દૂધ પૃથ્વીપરનું અમૃત છે પરંતુ સર્પમાં તો તે વિષવૃદ્ધિ કરે છે તેથી મનુષ્યોએ દુગ્ધપાન ત્યજવું? નાદોપાસના તો ભક્તિ, જ્ઞાન અને યોગની ત્રિવેણી છે. એનો આશ્રય લીધા વિના આત્મસાક્ષાત્કાર, પ્રભુદર્શન કે બ્રાહ્મીસ્થિતિ સંભવી જ ન શકે. શાસ્ત્રો જ્યાં આવો પોકાર કરતાં હોય ત્યાં સંગીતની ઉપેક્ષા શે કરી શકાય? હા, પ્રત્યેકકાળમાં સંગીતશત્રુઓ ઉત્પન્ન થતા આવ્યા છે અને સાંપ્રતકાળમાં પણ હશે. એમને માટે યોગીવર શ્રી ભર્તૃહરિજીએ કહ્યું છે:

"साहित्यसंगीत कलाविहीन : साक्षात्पशु: पुच्छविशाणहीन: ।"

સાહિત્ય સંગીત કલા ન જાણનાર શિંગડા-પૂંછડા વિનાનું સાક્ષાતપશુ છે. આ તો મહાપુરુષની અનુભવવાણી છે. એમાં આપણાથી કાંઈ ન ઉમેરાય. એમાં ઉમેરી પણ શું શકીએ? ઉમેરવા જેટલો એમાં અવકાશ પણ ક્યાં છે?

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક-દોઢવર્ષ પૂર્વે મેં એક હિન્દી વર્તમાનપત્રમાં વાંચ્યું હતું "આજનાં સંગીત વિદ્યાલયો માત્ર શિક્ષકો જ જન્માવી શકે છે. ઉચ્ચ પ્રકારના ગાયકો નહિ." ખરેખર આ પરમ સત્ય છે, પણ આવું કેમ બને છે તેનાં થોડાંક કારણો દર્શાવું છું:

(૧) મોટાભાગનાં સંગીત વિદ્યાલયોમાં ગમે તે કક્ષાના વિદ્યાર્થીને રોજ માત્ર એક કે દોઢકલાક જેટલું જ શિક્ષણ અપાય છે. કેટલાક સંગીત વર્ગોમાં તો અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ અપાય છે. એમાં વિદ્યાર્થીને દિવસના કેવળ એક કલાકના હિસાબે ત્રણ દિવસમાં ત્રણ કલાક જ ભણવાનું મળે છે. તદુપરાંત વર્ષભરમાં આવતા અવકાશોમાં અધ્યયન-અધ્યાપન થતાં નથી.

(૨) આ રીતે સંગીતશિક્ષણ લેનારાં વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ મોટાભાગે શાળામાં, હાઈસ્કૂલમાં કે કૉલેજમાં ભણતાં હોય છે અને તેથી સંગીત પાછળ પૂરતો સમય આપી શકતાં નથી.

(૩) ગુરુ–શિષ્ય-શિષ્યા કંટાળેલાં કે શ્રમિત હોય છે. ગાયનમાં પ્રગતિ થતી નથી એવું જાણી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વાદ્યો પ્રતિ આકર્ષાય છે પરંતુ ગાયનવાદનની સિદ્ધિ અર્થે જોઈતો સમય, શ્રમ, ઉત્સાહ, જ્ઞાન અને ધીરજનો અભાવ હોવાથી સફળતા મેળવી શકતાં નથી.

જો સંગીત વિદ્યાલયોમાંથી વિદ્વાન ગાયકો જન્માવવા હોય તો તો નીચે લખી જણાવેલા ધોરણને અનુસરે જ છૂટકો.

(૧) આ સંગીતવિદ્યાલયો હાઈસ્કૂલના ધોરણાનુસાર ચાલવાં જોઈએ. એમાં એક વર્ગને આખા દિવસમાં છ કલાક ભણવાનું મળવું જોઈએ.

(૨) આ છ કલાકમાંથી ત્રણ કલાક ગાયન માટે, બે કલાક વાદન માટે અને, એક કલાક શાસ્ત્રજ્ઞાન માટે મળવો જોઈએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૩) પહેલા બે વર્ષમાં પૂરતો સ્વરાભ્યાસ અને તાલાભ્યાસ કરાવવો જોઈએ. તેમ જ દશ આશ્રય રાગોના સ્વરવિસ્તારો પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ. ગીતોને ગૌણ રાખવાં જોઈએ.

(૪) ખ્યાલ, ધ્રુવપદ – ધમાર, ઠુમરી – ટપ્પા વગેરે ભિન્ન ભિન્ન ગાયનશૈલીના ભિન્ન ભિન્ન સુયોગ્ય જાણકારોની આચાર્ય તરીકે વરણી કરવી જોઈએ. આવાં વિદ્યાલયો સ્થળે સ્થળે તો ન સ્થાપી શકાય પરંતુ મહાગૂજરાતમાં પાંચેક સ્થળે સ્થાપી શકાય તોયે આપણાં સદ્‌ભાગ્ય.

(૫) બધાંય વિદ્યાલયોનો એક જ અભ્યાસ ક્રમ હોવો જોઈએ. જેથી કોઈ પણ વિદ્યાલયનો વિદ્યાર્થી ગમે ત્યાં પરીક્ષા આપી શકે.

ઘરાણાની પરંપરામાં જ શ્રેષ્ઠ ગાયકો વિશેષ જડે છે એનાં કારણો અનેક છે. એમાંનું એક કારણ એ છે કે વિશારદ થતાં સુધીમાં એક સામાન્ય વિદ્યાર્થી જેટલો પરિશ્રમ કરે છે તેટલો પરિશ્રમ તો ઘરાણાના વિદ્યાર્થીઓ વર્ષ કે છ માસમાં કરે છે. બીજું કારણ એ છે કે સામાન્ય વિદ્યાર્થીઓ એક વર્ષમાં અનેક રાગો ભણે છે ત્યારે ઘરાણાઓના વિદ્યાર્થીઓ વર્ષો સુધી માત્ર સ્વરાભ્યાસ જ કર્યા કરે છે. કયાં તો એકાદો રાગ આલાપ્યા કરે છે. જ્યાં સુધી નાદોપાસનાની ઉચિત સાધના કરનારા યોગ્ય સાધકો નહિ નીકળે ત્યાં સુધી શ્રેષ્ઠ ગાયકોનો અભાવ જ રહેવાનો.

* * *

"મુદ્રણાલય સંબંધીનું પ્રૂફવાચનથી આરંભી સઘળું કાર્ય શ્રી. ગાંધર્વ મહાવિદ્યાલય – અમદાવાદના પ્રધાનાચાર્ય શ્રી. રાવજીભાઈ હીરાભાઈ પટેલ, સંગીતપ્રવીણે અનેક ઉપાધિઓ વચ્ચે ઉપાડી લીધું છે. એ એમનો નિર્મળ સંગીત સ્નેહ અને સંત પ્રત્યેનો પરમાદર સૂચવે છે. આ પુસ્તકના મુદ્રણ સંબંધીનો સંપૂર્ણ યશ એમને જ ઘટે છે." આ વાત રાગજ્યોતિના પ્રથમખંડમાં દર્શાવી હતી તેનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ પુનરાવર્તન આ દ્વિતીયખંડમાં કરું છું, અને સ્નેહવિવશ થઈ વિશેષ ઉમેરું છું કે, શ્રી. રાવજીભાઈએ આ પુસ્તકોના પ્રચારમાં પણ સમય આપવા માંડયો છે અને તે સ્વેચ્છાથી. એમનું સંગીત પ્રત્યેનું આ સ્વાભાવિક આકર્ષણ મારા સ્નેહનું કારણ બની ગયું છે. એ સિવાય એમના માટે બીજું શું લખું? આ ગ્રંથોના પ્રકાશક ચિ. પટેલ ગોવર્ધનભાઈ સોમાભાઈ કોન્ટ્રાક્ટરે પણ પ્રકાશન સંબંધી ઓછો પરિશ્રમ વેઠયો નથી. એના બદલામાં એને મારા હૃદયમાંથી વહેતું વાત્સલ્ય સ્વાભાવિક રીતે જ મળ્યું છે. તદુપરાંત વણ માગ્યા શુભાશીર્વાદ પણ સ્વાભાવિક રીતે જ આપું છું." પ્રથમખંડમાં જે કહ્યું હતું તે જ આ દ્વિતીયખંડમાં કહું છું. તે જ રીતે નવજીવન મુદ્રણાલયના કાર્યકરો માટે પણ તેનું તે જ કહું છું "એમનો સહકાર સ્મરણીય છે."

અંતમાં આ ગ્રંથો મહાગુજરાતને ઉપયોગી નીવડો એવું ઇચ્છી વિરમું છું.

સર્વનો પ્રિય

કૃપાલાનન્દ

શરત્પૂર્ણિમા — પ્રધાનાચાર્ય : **શ્રી ગુરુદેવ સંગીત વિદ્યાલય**

૨૦૧૪ — કરમસદ, વાયા આણંદ, ખેડા જિલ્લો

સુધારીને વાંચો

પૃ. ૨૮ પંક્તિ ૯ "અવરોહમાં તેને વક્ર કરી ગ્રહણ કરાય છે." તે ને બદલે "અવરોહમાં ઋષભને વક્ર કરી ગ્રહણ કરાય છે."— એવું વાંચો.

ગુજરાત રાજયની સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિદ્યાનગરની સાથે સંલગ્ન ડીગ્રી લેવા [illegible] કલા કેન્દ્ર [illegible] કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ - સરકાર માન્ય [illegible] રાગ-જ્યોતિ - ખંડ-૧-૨ સુધીના, પાઠ્ય પુસ્તકો તરીકે માન્ય [illegible] [illegible] પુસ્તકો છે.

[illegible] મજમુદાર.

Ex-Pioneer Principal,

College of Music & Dance

[illegible] Kala Kendra [illegible]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

	પૃષ્ઠ સંખ્યા
મનોગત	૩–૭
પરોક્ષપરિચય	૧–૨૪
વાદ્યોનો સામાન્ય પરિચય	૨૫–૨૭
રાગતુલના	૨૭–૩૫
તાલપરિચય	૩૫–૪૭
સ્વરલિપિપરિચય	૪૭–૪૯
કૈ. પં. શ્રી. વિષ્ણુ દિગંબરજીની સ્વલિપિના અભ્યાસીઓ માટે	૫૦
અલંકાર	૫૧–૬૧
૧. કલ્યાણરાગ	
શાસ્ત્રાધાર	૬૨
રૂપરેખા	૬૩–૬૪
રાગવિસ્તાર	૬૪–૬૫
સ્વરમાલિકા ત્રિતાલ	૬૫–૬૬
રસીલી રાગિણી (લક્ષણગીત) ત્રિતાલ	૬૬–૬૭
રટ એક રામ (ધ્રુવપદ) ચૌતાલ	૬૭–૬૮
મારે મંદિરે (ગીત) ત્રિતાલ	૬૯
લાગ્યું રહે ચિત્ત (ગીત) ઝપતાલ	૭૦–૭૧
ભજમન શ્યામસુન્દર (ગીત) એકતાલ	૭૧–૭૨
તાનમંડલ	૭૩–૭૬
૨. કેદારરાગ	
શાસ્ત્રાધાર	૭૭
રૂપરેખા	૭૮–૭૯
રાગવિસ્તાર	૭૯–૮૦
સ્વરમાલિકા એકતાલ	૮૧
પ્રકટાવે દીપમાલા (લક્ષણગીત) ત્રિતાલ	૮૨
શિવ સુખકર (ધ્રુવપદ) ચૌતાલ	૮૩–૮૪
શ્રીહરિ હવે આવો (ગીત) ઝપતાલ	૮૪–૮૫
જેની પ્રીતિ (ગીત) ત્રિતાલ	૮૬–૮૭
પ્રભુજી આવ્યો (ગીત) ત્રિતાલ	૮૭–૮૮
તાનમંડલ	૮૮–૯૧
૩. હમીરરાગ	
શાસ્ત્રાધાર	૯૨
રૂપરેખા	૯૩–૯૪
રાગવિસ્તાર	૯૪–૯૫
સ્વરમાલિકા ત્રિતાલ	૯૬
આજ સુણાવું (લક્ષણગીત) ત્રિતાલ	૯૬–૯૭
જાઉં તનમન વારી (ગીત) ત્રિતાલ	૯૮–૯૯
હરિચરણે (ધ્રુવપદ) તીવ્રા	૯૯–૧૦૦
જય જય જય ભગવાન (ગીત) એકતાલ	૧૦૦–૧૦૧
તાનમંડલ	૧૦૨–૧૦૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪. બિહાગરાગ

શાસ્ત્રાધાર ૧૦૬

રૂપરેખા ૧૦૭–૧૦૮

રાગવિસ્તાર ૧૦૮–૧૦૯

સ્વરમાલિકા ત્રિતાલ ૧૦૯–૧૧૦

સુન્દરરાગ (લક્ષણગીત) ત્રિતાલ ૧૧૦–૧૧૧

ઓ નન્દલાલા (ગીત) ત્રિતાલ ૧૧૧–૧૧૨

ચરણકમલે દેજો (ગીત) ઝપતાલ ૧૧૨–૧૧૪

વિસરે ના વનમાળી (ગીત) રૂપક ૧૧૪–૧૧૫

તાનમંડલ ૧૧૫–૧૧૮

૫. માંડરાગ

શાસ્ત્રાધાર ૧૧૯

રૂપરેખા ૧૧૯–૧૨૦

રાગવિસ્તાર ૧૨૧–૧૨૨

સ્વરમાલિકા ત્રિતાલ ૧૨૨

મોહકમાંડ (લક્ષણગીત) ત્રિતાલ ૧૨૩–૧૨૪

વહાલો લાગે (ગીત) દાદરો ૧૨૪–૧૨૫

રટમન નિશદિન (ગીત) કેરબો ૧૨૫–૧૨૬

ગુરુવિણ (ગીત) ત્રિતાલ ૧૨૬–૧૨૭

તાનમંડલ ૧૨૭–૧૩૧

૬. તિલંગરાગ

શાસ્ત્રાધાર ૧૩૨

રૂપરેખા ૧૩૨–૧૩૩

રાગવિસ્તાર ૧૩૩–૧૩૪

સ્વરમાલિકા ત્રિતાલ ૧૩૫

સુમધુર તિલંગ (લક્ષણગીત) ત્રિતાલ ૧૩૫–૧૩૬

મને કોઈ (ગીત) ત્રિતાલ ૧૩૬–૧૩૭

રટ રે રસના (ગીત) એકતાલ ૧૩૭–૧૩૮

આજે નીરખ્યો (ગીત) દાદરો ૧૩૮–૧૩૯

તાનમંડલ ૧૪૦–૧૪૩

૭. તિલકકામોદરાગ

શાસ્ત્રાધાર ૧૪૪

રૂપરેખા ૧૪૫–૧૪૬

રાગવિસ્તાર ૧૪૬–૧૪૭

સ્વરમાલિકા ત્રિતાલ ૧૪૭–૧૪૮

તિલકકામોદ રાગ (લક્ષણગીત) ત્રિતાલ ૧૪૮–૧૪૯

ન નીરખું (ધ્રુવપદ) ચૌતાલ ૧૪૯–૧૫૦

હૃદયે હો રામ (ધ્રુવપદ) ઝપતાલ ૧૫૦–૧૫૨

સદા રામ નામ રટે (ગીત) ઝપતાલ ૧૫૨–૧૫૪

તાનમંડલ ૧૫૪–૧૫૮

૮. પીલૂરાગ

શાસ્ત્રાધાર ૧૫૯–૧૬૦

રૂપરેખા ૧૬૦–૧૬૧

રાગવિસ્તાર ૧૬૧–૧૬૨

સ્વરમાલિકા એકતાલ ૧૬૨–૧૬૩

પીલૂ રાગ (લક્ષણગીત) ત્રિતાલ ૧૬૩–૧૬૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીંદ ન આવે (ગીત)
ત્રિતાલ ૧૬૪–૧૬૫
રંગેભરી (ગીત) ત્રિતાલ ૧૬૫–૧૬૬
હારી મતિ મારી (ગીત)
ત્રિતાલ ૧૬૬
તાનમંડલ ૧૬૭–૧૬૯

૯. પટદીપરાગ

શાસ્ત્રાધાર —
રૂપરેખા ૧૭૦
રાગવિસ્તાર ૧૭૧–૧૭૨
સ્વરમાલિકા ત્રિતાલ ૧૭૨–૧૭૩
પટદીપરાગ ગાઓ
(લક્ષણગીત) ત્રિતાલ ૧૭૩–૧૭૪
રામ રામ રટ (ધ્રુવપદ)
ચૌતાલ ૧૭૪–૧૭૫
મુરલીવાળો શ્યામ
(ગીત) ઝપતાલ ૧૭૫–૧૭૭
રહો નયન સમીપે
(ગીત) ત્રિતાલ ૧૭૭–૧૭૮
તાનમંડલ ૧૭૮–૧૮૧

૧૦. ધાનીરાગ

શાસ્ત્રાધાર ૧૮૨
રૂપરેખા ૧૮૨–૧૮૩
રાગવિસ્તાર ૧૮૩–૧૮૪
સ્વરમાલિકા એકતાલ ૧૮૫
આજે મૃદુ ગ–મ–નિ
(લક્ષણગીત) ત્રિતાલ ૧૮૬
શિવ, શંભુ (ધ્રુવપદ)
ઝપતાલ ૧૮૭–૧૮૮
શ્યામની રૂપ છટા (ગીત)
એકતાલ ૧૮૮–૧૮૯
મન તું (ગીત) ત્રિતાલ ૧૮૯–૧૯૦
તાનમંડલ ૧૯૦–૧૯૩

૧૧. માલકોશરાગ

શાસ્ત્રાધાર ૧૯૪
રૂપરેખા ૧૯૫
રાગવિસ્તાર ૧૯૬–૧૯૭
સ્વરમાલિકા ઝપતાલ ૧૯૭–૧૯૮
માલકોશ પ્રીતે ભાખો
(લક્ષણગીત) એકતાલ ૧૯૮
અનાહતનાદને સાધે
(ધ્રુવપદ) ચૌતાલ ૧૯૯–૨૦૦
રથચક્ર ધારી (ગીત)
ત્રિતાલ ૨૦૦–૨૦૧
ભક્તના ભગવાન
(ગીત) રૂપક ૨૦૧–૨૦૨
હરિ ચરણ કમલે
(ગીત) ત્રિતાલ ૨૦૨–૨૦૩
તાનમંડલ ૨૦૩–૨૦૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ જ લેખકનો યોગનો અદ્વિતીય ગ્રંથ

આસન અને મુદ્રા

જેમાં ૨૭૦ જેટલાં આસન અને મુદ્રાનાં ચિત્રો છે. વ્યાયામના અભ્યાસીઓને, યોગના સાધકોને અને નૃત્યના ઉપાસકોને અતિ ઉપયોગી છે. કિંમત રૂ. ૫-૦-૦.

એ સિવાય આ જ લેખકનાં અન્ય પ્રકાશનો

(૧) પ્રેમધારા ભા-૧	૦-૪-૦
(૨) પ્રેમધારા ભા-૨	૦-૪-૦
(૩) શ્રીગુરુગોવિંદપૂજન	૦-૪-૦
(૪) શ્રી પાગલ મહારાજનો પ્રેમપ્રલાપ	૦-૧૨-૦

પોષ્ટખર્ચ અલગ

પ્રાપ્તિસ્થાન
શ્રી ગુરુદેવ સંગીત વિદ્યાલય
કરમસદ, વાયા આણંદ
ખેડા જિલ્લો

Dr. Urmila Sharma Collection, Varanasi

શ્રી રાજરાજેશ્વર મહાદેવ, કાયાવરોહણ (કારવણ)

CC0. In Public Domain, Digitization by eGangotri

शिवं वंदे जगद्‌गुरुम् । સ્નેહપૂર્વક શ્રીચરણોમાં સમર્પણ

શ્રી ગુરુપૂર્ણિમા

Dr. Urmila Sharma Collection, Varanasi

આપનો કૃપાપાત્ર

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરકાર અને શબ્દકાર

पूज्यपाद योगाचार्य सर्वप्रिय

स्वामी श्री १०८ श्री कृपालानन्दजी महाराज

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ॐ नमो नादब्रह्मणे ।

રાગજ્યોતિ

(બીજી)

ॐ नमः शिवाय गुरवे सच्चिदानन्द मूर्त्तये।
नमस्तस्मै नमस्तस्मै नमस्तस्मै नमोनमः॥

પરોક્ષ પરિચય

સંગીતની વ્યાખ્યા

गीतं वाद्यं तथा नृत्यं त्रयं संगीतमुच्यते।

સંગીત શબ્દમાં ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણે કલાઓનો સમાવેશ થાય છે. છતાં આ ત્રણે કલાઓમાં સંગીતકલા મુખ્ય હોવાથી ગાયનને જ સંગીત કહેવાની આપણે ત્યાં પ્રથા છે.

સંગીતના બે પ્રકાર: ગાંધર્વ અને દેશી

સંગીતના ગાંધર્વ અને દેશી એવા બે પ્રકાર છે. જે સંગીત મુનીશ્વર શ્રી ભરતજીએ બ્રહ્મા પાસેથી પ્રાપ્ત કરી અપ્સરા તથા ગંધર્વો દ્વારા ભગવાન શ્રી સદાશિવજીને સંભળાવ્યું તેને ગાંધર્વ સંગીત કે માર્ગસંગીત કહે છે. આ ગાંધર્વસંગીતમાં અનાહતનાદનો પ્રયોગ થાય છે તે મોક્ષ આપનારું છે પરંતુ રંજક નથી.

देशे-देशेजनानां यद्रुच्या हृदयरंजकम्।
गानं च वादनं नृत्यं तद्देशीत्यभिधीयते॥

"પ્રત્યેક કાળમાં દેશેદેશમાં મનુષ્યોની અભિરુચિ અનુસાર હૃદયને પ્રસન્ન કરનાર જે ગાયન, વાદન અને નૃત્ય પ્રચલિત હોય છે તેને દેશી સંગીત કહે છે."

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દક્ષિણપદ્ધતિ અને ઉત્તરપદ્ધતિ

આપણા દેશની સંગીતપદ્ધતિમાં દક્ષિણપદ્ધતિ અને ઉત્તરપદ્ધતિ એવા બે ભેદ છે: ૧. દક્ષિણપદ્ધતિ મ્હૈસુર સંસ્થાન અને મદ્રાસ ઈલાકામાં પ્રચલિત છે. દક્ષિણપદ્ધતિને કર્ણાટકી પદ્ધતિ પણ કહે છે. ૨. ઉત્તરપદ્ધતિ એ આપણી સંગીતપદ્ધતિ છે. તે મ્હૈસુર સંસ્થાન અને મદ્રાસ ઈલાકા સિવાયના ભારતના પ્રત્યેક પ્રદેશમાં પ્રચલિત છે.

લોકસંગીત અને શાસ્ત્રીયસંગીત

પ્રચલિત દેશી સંગીતને લોકસંગીત અને શાસ્ત્રીયસંગીત આમ બે વિભાગમાં વિભક્ત કરી શકાય. આ બંનેમાંથી પહેલું લોકસંગીત સરળ હોવાથી સહજ સાધ્ય છે પરંતુ શાસ્ત્રીય સંગીત નિયમબદ્ધ હોવાથી શ્રમસાધ્ય છે.

લોકસંગીતમાં રાસ, ગરબા, ભજનો, લોકગીતો અને ફિલ્મનાં ગીતો વગેરેનો સમાવેશ કરી શકાય. એ સ્વભાવે સરળ, ચંચળ, મધુર અને આકર્ષક હોય છે. અને તેથી જ એને સામાન્ય સમાજ સત્કારે છે, સેવે છે. એને શબ્દસંગીત કહીએ તો પણ ચાલે. આ લોકસંગીત સર્વદા સમાન રહી શકતું નથી. પરિવર્તનશીલ છે. જો કે શાસ્ત્રીયસંગીત પણ પરિવર્તનશીલ જ છે પરંતુ બંનેના પરિવર્તનમાં ઘણું મોટું અંતર છે. જેટલી ત્વરાથી લોકસંગીત વેશપરિવર્તન કરે છે તેટલી ત્વરાથી શાસ્ત્રીયસંગીત વેશપરિવર્તન કરી શકતું નથી. જ્યારે લોકસંગીતનું પ્રત્યેક ગીત એક કાળે અત્યંત ભાવથી ગવાય છે ત્યારે બીજા કાળે તેની ઉપેક્ષા થાય છે. પરંતુ શાસ્ત્રીય સંગીતમાં એવી ઘટના બનવા પામતી નથી. વર્ષો જૂના રાગો આજે પણ ભાવપૂર્વક ગવાય છે. જાણે નિત્યનવીનતા એનો સ્વભાવ જ ન હોય !

શાસ્ત્રીયસંગીતમાં સ્વરનું બન્ધન, રાગના નિયમોનું બન્ધન, તાલનું બન્ધન, લયનું બન્ધન—આમ અનેક બન્ધનો હોય છે. અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ બંધનોને સમજાવનારાં શાસ્ત્રો પણ હોય છે. તદનુસાર ગાયન–વાદન કરવામાં આવે છે. તેથી જ એને શાસ્ત્રીય સંગીત કહેવામાં આવે છે.

સ્વરલિપિ

શાસ્ત્રીય સંગીતનો પરિચય લિખિત અને ક્રિયાત્મક – આમ બે રીતે થઈ શકે છે. ઉત્તર સંગીતપદ્ધતિની લિખિત અભિવ્યક્તિને સ્વરલિપિની સંજ્ઞા છે. આવી સ્વરલિપિઓ અનેક હશે પરંતુ પ્રસિદ્ધ બે પદ્ધતિઓમાંની પહેલી શ્રી ભાતખંડે પદ્ધતિ અને બીજી શ્રી વિષ્ણુ દિગંબર પદ્ધતિના નામે સર્વત્ર પ્રચલિત છે. આ ગ્રંથમાં શ્રી વિષ્ણુ દિગંબર પદ્ધતિ તો દર્શાવેલી જ છે. શ્રી ભાતખંડે પદ્ધતિનાં સ્વરલેખન ચિહ્ન આ પ્રમાણે છે :

नि ध प म · · · ·	મન્દ્રસપ્તકના સ્વરો ઓળખવા માટે સ્વરોની નીચે બિન્દી કરવામાં આવે છે.
सा रे ग म	મધ્યસપ્તકના સ્વરો ઓળખવા માટે સ્વરોને કાંઈ પણ ચિહ્ન કરવામાં આવતું નથી.
सां रें गं मं	તાર સપ્તકના સ્વરો ઓળખવા માટે સ્વરોના માથે બિન્દી કરવામાં આવે છે.
सा रे ग म	શુદ્ધ સ્વરોને કાંઈ પણ નિશાન કરવામાં આવતું નથી.
रे ग ध नि — — — —	કોમળ સ્વરોને ઓળખવા માટે તેની નીચે આડી રેખા દોરવામાં આવે છે.
। म	તીવ્ર સ્વરને ઓળખવા માટે તેને માથે ઊભી રેખા દોરવામાં આવે છે.
सा रे ग म	કોઈ પણ નિશાની વિનાનો સ્વર શુદ્ધ છે. મધ્ય સપ્તકનો છે. એક માત્રાનો છે.
सा – – –	સ્વરની સામે દોરેલી આડી એક રેખા એક માત્રા સૂચવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सारेगम (‿)	આ અર્ધ ચન્દ્રાકાર એક માત્રાની સંજ્ઞા છે. ચન્દ્રાકારમાં લખેલા સ્વરોનો કાળ એક માત્રાના પ્રમાણમાં સમાન વહેંચી આપવાનો છે. ચાર સ્વરો છે તેથી પ્રત્યેક સ્વર પા માત્રાનો છે.
सा,रेग (‿)	ચન્દ્રાકારમાં દર્શાવેલું અલ્પવિરામ માત્રાના બે વિભાગ કરે છે. અલ્પવિરામ પૂર્વે એક જ સ્વર છે. તેને અર્ધી માત્રા મળશે. અલ્પવિરામ પછી બે સ્વર છે તેને અર્ધી માત્રા સરખી રીતે વહેંચી આપતાં એક-એક સ્વરને પા પા માત્રા મળશે.
ऽ	આ ચિહ્નને અવગ્રહ કે ઉચ્ચારણ કહે છે. આ ચિહ્ન ગીતના શબ્દોની આગળ આવે છે. શબ્દને સ્વરની માત્રા જેટલો દીર્ઘ કર્યું છે.
×	સમનું ચિહ્ન.
૨, ૩, ૪	બીજી તાળી પર બેનો અંક, ત્રીજી પર ત્રણનો અંક, ચોથી પર ચારનો અંક – આમ તાળીઓને સંખ્યાથી દર્શાવવામાં આવે છે.
ग सा (⌐¬)	મીંડ
रे सा ग रे	જ્યાં મુખ્ય સ્વરની ઉપર બીજો સ્વર લખેલો હોય ત્યાં ઉપરના સ્વરોનો સ્પર્શ કરી મુખ્ય સ્વરનું ઉચ્ચારણ કરવાનું હોય છે. એને કણ સ્વર કહે છે.
(सां)	કૌંસમાં લખેલા સ્વરની આગળનો સ્વર, તે સ્વર, તેની પાછળનો સ્વર અને પુનઃ તે સ્વર એક માત્રામાં ગાવામાં આવે છે. रेंसांनिसां (प)=धपमप (म)=पमगम

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંગીત નિરુપયોગી અને સંગીતોપયોગી નાદ

આપણે કર્ણેન્દ્રિય દ્વારા જે જે કાંઈ સાંભળીએ છીએ તે તે નાદ જ છે. એ નાદ અથવા ધ્વનિ બે પ્રકારનો છે. ૧. સંગીત નિરુપયોગી ૨. સંગીતોપયોગી

૧. જીવજન્ય શબ્દ અને જડજન્ય ધ્વનિનું મધુર અને કર્કશ એમ બે વર્ગમાં વિભાજન કરવામાં આવ્યું છે. એમાંથી કર્કશ શબ્દો અને કર્કશ ધ્વનિને સંગીત નિરુપયોગી માનવામાં આવે છે. એવા ધ્વનિઓને આપણે ઘોંઘાટ કહીએ તો પણ ચાલે. કારણ કે તે અસ્થિર અને અનિયમિત હોય છે.

૨. શાસ્ત્રો કહે છે: "ૐ મૂલનાદ છે અને તે જ પ્રભુનું સર્વોત્તમ સ્વરૂપ છે. અને તેથી જ નીચેના શ્લોકને નિત્યની પ્રાર્થનામાં પ્રથમ મૂકવામાં આવ્યો છે.

ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ।।

"જે બિન્દુ સંયુક્ત ૐ કારનું યોગીન્દ્રો નિત્ય નિરંતર ધ્યાન ધરે છે તે કામ અને મોક્ષ દેનારા ૐ કારને હું વારંવાર નમસ્કાર કરું છું." યોગસૂત્રમાં દર્શાવ્યું છે: तस्य वाचकः प्रणवः । "તે ઈશ્વરનો બોધક પ્રણવ છે." આથી સિદ્ધ થાય છે કે નાદ પરમાત્મા પ્રાપ્તિનું સાધન નથી પરંતુ સાધ્ય છે. ॐ नमो नाद ब्रह्मणे । "નાદ સ્વરૂપી પરમાત્માને નમસ્કાર" આ મંત્ર પણ એ જ વાતની પુષ્ટી કરે છે.

चैतन्यं सर्वभूतानां विवृतं जगदात्मना ।
नादब्रह्म तदानन्दमद्वितीयमुपास्महे ।।
नादोपासनया देवा ब्रह्मविष्णुमहेश्वराः ।
भवन्त्युपासिता नूनं यस्मादेते तदात्मकाः ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"જે સર્વભૂતોનું ચૈતન્ય છે, જે વિશ્વરૂપે વિસ્તૃત છે, જે અદ્વિતીય અને આનંદમય છે, જેની ઉપાસના સકલ દેવોએ અને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વરે કરેલી છે તેથી અમે પણ તે જ નાદબ્રહ્મની ઉપાસના કરીએ છીએ." गायनः पंचमो वेदः । "ગાયન પાંચમો વેદ છે." આ ઉક્તિઓએ ઉપરની વાત સુસ્પષ્ટ કરી છે. આ પરમ સત્યને શ્રી ભગવાને સ્વયં શ્રીમુખે સ્વીકાર્યું છે.

नाऽहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च।
मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद॥

"ન તો હું વૈકુંઠમાં વસું છું અને ન તો હું યોગીઓના હૃદયમાં, હું તો મારા ભક્તો જ્યાં ગાન કરે છે ત્યાં જ નિવાસ કરું છું."

નાદમાહાત્મ્ય અવર્ણનીય છે. સંપૂર્ણ નાદકલા નાદનિર્મિત છે. સંગીતજ્ઞ યોગીન્દ્રો અનાહત નાદને ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ માને છે અને આહત નાદને ભગવાનનું સગુણ સ્વરૂપ માને છે. આ રીતે મૂલનાદ ૐના અનાહત અને આહત નામક બે ભેદ છે. અનાહતનાદને યોગપારંગત યોગીવરો પ્રાણ-સંયમ દ્વારા ઉપજાવે છે. એ રીતે ઉપજેલો નાદ સ્વયંભૂનાદ અથવા અનાહતનાદ કહેવાય છે. જ્યારે અનાહતનાદની દુર્લભ ઉપાસના કેવળ સર્વશ્રેષ્ઠ યોગી જ કરી શકે છે, ત્યારે આહતનાદની ઉપાસના સર્વ મનુષ્યો માટે સુલભ છે. પ્રત્યેક નાદોપાસકે એટલું સ્મરણમાં રાખવાનું છે કે આહતનાદ દ્વારા અનાહતનાદની પ્રાપ્તિ કરી શકાય છે. અને તેથી જ શાસ્ત્રોમાં આહતનાદને રંજક અને ભવભંજક કહ્યો છે.

સામાન્ય રીતે એવું કહી શકાય કે જે નાદ સાંભળી મન પ્રસન્ન થાય અને જેની સાથે આપણે આપણો કંઠધ્વનિ મેળવી શકીએ તે નાદ સંગીતોપયોગી છે. હવે સંગીતોપયોગી નાદનાં મહત્ત્વનાં લક્ષણો પ્રતિ દૃષ્ટિ નાખીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૧) નાદનું નાના–મોટાપણું (૨) નાદની જાતિ અથવા ગુણ (૩) નાદનું ઊંચાનીચાપણું.

૧. એક નાદનું ઉચ્ચારણ ધીમેથી પણ કરી શકાય છે અને જોરથી પણ કરી શકાય છે. દૃષ્ટાંત તરીકે કોઈ ગાયકે પહેલાં મન્દ્ર સપ્તકનો પંચમ ગાયો અને તે પછી તાર સપ્તકનો પંચમ ગાયો. જો કે એક જ સ્વર-નાદ ગવાયો છે છતાં મન્દ્ર સપ્તકના પંચમનો નાદ માત્ર નિકટના મનુષ્યોએ જ સાંભળ્યો પરંતુ તાર સપ્તકના પંચમનો નાદ છેક દૂરના મનુષ્યો સાંભળી શક્યા. આ જ નાદનું નાના–મોટાપણું છે.

૨. ભિન્ન ભિન્ન વાદ્યોમાંથી ભિન્ન ભિન્ન પ્રકારનો નાદ ઉત્પન્ન થાય છે. અને તે સ્વાભાવિક રીતે એકબીજાથી જુદો પડે છે. આપણે વાદ્યો જોયા વિના કેવળ તેનો નાદ સાંભળીને કહી શકીએ કે આ નાદ તબલાનો, મૃદંગનો, સિતારનો કે તંબૂરનો છે. એ જ રીતે સ્ત્રી–પુરુષ કે બાળકને જોયા વિના તેમના કંઠધ્વનિને સાંભળી કહી શકીએ છીએ કે આ કોઈ ભાઈ ગાઈ રહ્યા છે, 'આ કોઈ બહેન ગાઈ રહ્યાં છે અથવા આ કોઈ બાળક ગાઈ રહ્યું છે. આને જ નાદની જાતિ કહે છે.

૩. તમે सा, रे, ग, म, प, ध, नि, सा̍ । આ સ્વરોને અનુક્રમે સાંભળો. સાંભળવાથી એટલું અવશ્ય જાણી શકશો કે અનુક્રમે એકથી એક સ્વર ઊંચો છે. તે જ સ્વરોને હવે सा̍ नि ध प म ग रे सा । આ ક્રમથી સાંભળો. તમને સ્પષ્ટ જણાશે કે અનુક્રમે એકથી એક સ્વર નીચો છે. આને જ નાદનું ઊંચાનીચાપણું કહે છે. એક સેકંડમાં થતાં વત્તાં–ઓછાં આંદોલનોના કારણે નાદ ઊંચો–નીચો થાય છે. જે નાદની એક સેકંડમાં આંદોલન સંખ્યા જેટલા પ્રમાણમાં અધિક થાય છે તેટલા પ્રમાણમાં તે ઊંચો થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને જે નાદની એક સેકંડમાં આંદોલન સંખ્યા જેટલા પ્રમાણમાં ન્યૂન થાય છે તેટલા પ્રમાણમાં તે નીચો થાય છે. सा, रे, ग, म, प, ध, नि, सां । આ સ્વરોમાં અનુક્રમે એકથી એક સ્વરની એક સેકંડમાં થતી આંદોલન સંખ્યા અધિક છે અને તેથી જ અનુક્રમે એકથી એક ઊંચો છે. सां, नि, ध, प, म, ग, रे, सा । આ સ્વરોમાં અનુક્રમે એકથી એક સ્વરની એક સેકંડમાં થતી આંદોલન સંખ્યા ન્યૂન છે. અને તેથી જ અનુક્રમે એકથી એક સ્વર નીચો છે.

સ્વર

श्रूयते इति श्रुति: । આપણે કાનથી સાંભળી શકીએ અર્થાત્ આપણાથી સંભળાય એવા એક–બીજાથી ઊંચા સંગીતોપયોગી બાવીસ નાદ છે. આ બાવીસ નાદને પ્રાચીન સંગીતશાસ્ત્રીઓએ ‘શ્રુતિ’ની સંજ્ઞા આપી છે. આ બાવીસ શ્રુતિઓમાંથી ગાયનોપયોગી શુદ્ધ સ્વરો ઉત્પન્ન થયા છે. તે સાત સ્વરોનાં નામ અનુક્રમે ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ છે. ગાતી વખતે આ સ્વરોનો ઉચ્ચાર सा, रे, ग, म, प, ध, नि । કરવામાં આવે છે.

આ સાત સ્વરોના પ્રકૃત (શુદ્ધ) અને વિકૃત એવા બે ભેદ માનવામાં આવ્યા છે. એને વ્યવહારમાં તીવ્ર અને કોમળ કહેવાની પ્રથા છે. सा, रे, ग, म, प, ध, नि । આ શુદ્ધ સ્વરોમાં એકલો म કોમળ છે. શેષ સ્વરો તીવ્ર છે. શુદ્ધસ્વરની એક વિશેષ અવસ્થા તે જ કોમલ સ્વર. જ્યારે પ્રકૃત સ્વરને તેના મૂળ સ્થાનેથી ઊંચો કે નીચો કરવામાં આવે છે ત્યારે તેને વિકૃત થયેલો ગણવામાં આવે છે. વિકૃત થનારા સ્વરો ઋષભ, ગાંધાર, મધ્યમ, ધૈવત અને નિષાદ છે. શેષ રહેલા ષડ્જ અને પંચમ વિકૃત થતા નથી એટલે તેને ‘અવિકૃત’ કે ‘અચલ’ના નામે ઓળખવામાં આવે છે.

ઉપર દર્શાવેલા પાંચ વિકૃત સ્વરોમાં ચાર સ્વરો કોમળ અને એક સ્વર તીવ્ર થાય છે. શુદ્ધ સ્વરને મૂળ સ્થાનેથી ઊંચો કરવામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવે છે ત્યારે તે તીવ્ર થયો ગણાય છે. શુદ્ધ સ્વરને મૂળ સ્થાનેથી નીચો કરવામાં આવે છે ત્યારે તે કોમળ થયો ગણાય છે. સાત શુદ્ધ સ્વરોમાં તીવ્ર થનારો એક જ સ્વર છે: મધ્યમ. કારણ કે ષડ્જ અને પંચમ તો અવિકૃત છે. બાકી બચેલા ઋષભ, ગાંધાર, ધૈવત અને નિષાદ સ્વભાવથી જ તીવ્ર છે. એટલે એ ચારે ચાર સ્વરો કોમળ થાય છે. આ પ્રમાણે સાત શુદ્ધ અને પાંચ વિકૃત મળી કુલ બાર સ્વર—નાદ થયા.

પૂર્વકથિત બાવીસ શ્રુતિઓમાંથી ક્રમશઃ ૧ ઉપર સા, ૫ ઉપર રે, ૮ ઉપર ग, ૧૦ ઉપર म, ૧૪ ઉપર प, ૧૮ ઉપર ध, ૨૧ ઉપર नि છે. વિકૃત સ્વરોમાંથી ૩ ઉપર રે કોમળ, ૭ ઉપર ग કોમળ, ૧૨ ઉપર म તીવ્ર, ૧૬ ઉપર ध કોમળ અને ૨૦ ઉપર नि કોમળ છે. આ માન્યતા અર્વાચીન હિન્દુસ્થાની સંગીત પ્રણાલીની છે.

સપ્તક

આ સાત સ્વરોને ક્રમાનુસાર ગાવા-લખવાથી સપ્તક બને છે. સપ્તક ઘણાં હોઈ શકે પરંતુ પ્રચારમાં ત્રણ જ સપ્તક છે. કારણ કે સ્વાભાવિક રીતે મનુષ્યનો અવાજ ત્રણ સપ્તકથી વધારે નથી.

સ્થાન

સપ્તકની ઉચ્ચ-નીચતાના અંગે તેના ત્રણ ભેદ માનવામાં આવ્યા છે. તેને 'નાદસ્થાન' કહે છે. તે પ્રત્યેક સ્થાનમાં એક સપ્તક-બાવીસે બાવીસ શ્રુતિ-અર્થાત્ સાત પ્રકૃત સ્વરો અને પાંચ વિકૃત સ્વરો હોય છે. પ્રત્યેક સપ્તકની સીમા ષડ્જથી આરંભી નિષાદ પર્યન્ત હોય છે.

प्रथमं सप्तकं मन्द्रं द्वितीयं मध्यमं स्मृतम् ।
तृतीयं तारसंज्ञं स्यादेवं स्थान त्रयं मतम् ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"પ્રથમ સપ્તકને મન્દ્ર, દ્વિતીયને મધ્ય, તૃતીયને તાર સંજ્ઞા છે. આ પ્રમાણે ત્રણ સ્થાન માનવામાં આવ્યાં છે" એક મનુષ્ય સાધારણ વાર્તાલાપમાં જે ઊંચાઇથી બોલે છે તે ઊંચાઈ તે મનુષ્યના કંઠનું મધ્યસ્થાન – મધ્ય સપ્તક છે. એ મધ્યથી નીચું મન્દ્ર અને મધ્યથી ઊંચું તે તાર સ્થાન છે. કેટલાક ગાયકો મન્દ્ર સપ્તકને 'ખરજ' અને તાર સપ્તકને 'ટીપ'ના નામથી ઓળખાવે છે. મન્દ્રસપ્તકનો અવાજ હૃદયમાંથી, મધ્ય સપ્તકનો કંઠમાંથી અને તાર સપ્તકનો તાલુ સ્થાનમાંથી નીકળે છે.

મન્દ્ર સપ્તકના સ્વરો કરતાં મધ્ય સપ્તકના સ્વરો બે ગણા ઊંચા હોય છે. અને મધ્ય સપ્તકના સ્વરો કરતાં તાર સપ્તકના સ્વરો બે ગણા ઊંચા હોય છે. ઉદાહરણ તરીકે મન્દ્ર સતકના પ કરતાં મધ્ય સપ્તકનો પ બે ગણો ઊંચો છે અને મધ્ય સપ્તકના પ કરતાં તાર સતકનો પ બે ગણો ઊંચો છે. આ જ નિયમ સઘળા સ્વરોને સમાન લાગુ પડે છે.

નિયમિત અને સ્થિર આંદોલન વડે જન્મેલો નાદ મધુર હોય છે અને તેથી જ તેને સંગીતોપયોગી ગણવામાં આવ્યો છે. સાત સ્વરોમાં પ્રધાન સ્વર સા છે. આ સા જ શેષ સ્વરોનો આધાર છે. આપણે કોઈ પણ એક નાદને સા તરીકે સ્વીકારીએ એટલે તેના આધાર દ્વારા શેષ સ્વરોની ઊંચાઈ નિશ્ચિત થઈ જાય છે.

પ્રત્યેક નાદનાં એક સેકંડમાં થતાં તુલનાત્મક આંદોલનોના આધાર દ્વારા જ નાદનું ઊંચા–નીચાપણું માપવામાં આવે છે. સાની આંદોલન સંખ્યા ૨૪૦ છે, રેની ૨૭૦, ગની ૩૦૧$\frac{૧૭}{૩}$, મની ૩૨૦, પની ૩૬૦, ધની ૪૦૫, નિની ૪૫૨$\frac{૪}{૩}$ અને તાર સપ્તકના સાની આંદોલન સંખ્યા ૪૮૦ છે. હવે મધ્યસપ્તકના સાની આંદોલન સંખ્યા જુઓ, કેટલી છે? ૨૪૦. હવે તાર સપ્તકના સાની આંદોલન સંખ્યા જુઓ. કેટલી છે? ૪૮૦. મધ્ય સપ્તકના સા થી તાર સપ્તકનો સા બે ગણો ઊંચો છે તે સિદ્ધ થઈ ગયું?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આરોહ – અવરોહ

ક્રમથી સ્વરની ચઢવાની ક્રિયાને 'આરોહ' અને ઊતરવાની ક્રિયાને 'અવરોહ' કહે છે. सा,रे,ग,म,प,ध,नि. આ રીતે ક્રમથી ગાતાં ગાતાં ઉપર ચઢો એ 'આરોહ' અને नि, ध, प, म, ग, रे, सा આ રીતે ક્રમથી ગાતાં ગાતાં નીચે ઊતરો એ 'અવરોહ'.

થાટ

નાદથી શ્રુતિ, શ્રુતિથી સ્વર અને સ્વરથી સપ્તક ઉત્પન્ન થાય છે તે આપણે જાણ્યું. હવે થાટ પ્રતિ દૃષ્ટિ નાખીશું. સંસ્કૃતમાં થાટને મેલ કહે છે. સપ્તકમાં પ્રકૃત અને વિકૃત મળી બાર સ્વરો હોય છે. એ બાર સ્વરોમાંથી થાટ ઉત્પન્ન થાય છે. मेलः स्वरसमूहः स्याद्रागव्यंजनशक्तिमान् ।" મેલ અથવા થાટ સ્વરોની એક વિશિષ્ટ, રચના છે—જેમાંથી રાગો ઉત્પન્ન થઈ શકે છે.

થાટ સંબંધી સ્મરણીય નિયમો આ પ્રમાણે છે. ૧. થાટ સદા સંપૂર્ણ—સાત સ્વરોનો—હોવો જોઈએ. (૨) એ સાતે સ્વરો सारेगमपधनि આ પ્રમાણે ક્રમથી જ આવવા જોઈએ અને એનાં નામો પણ આનાં આ જ રહેવાં જોઈએ. (૩) થાટમાં કેવળ આરોહ જ આવશ્યક છે, અવરોહનું નિયમબંધન લેશ પણ નથી. (૪) થાટમાં રંજકત્વ જોઈએ જ—એવો નિયમ નથી. (૫) થાટને તેનાથી જ ઉત્પન્ન થએલા એકાદ પ્રસિદ્ધ રાગનું નામ આપવાનો વ્યવહાર છે. તે રાગ સંપૂર્ણ જ હોવો જોઈએ એવો નિયમ નથી. એવા થાટવાચક રાગને આશ્રયરાગ કહેવામાં આવે છે.

નિયમના આધારથી અસંખ્ય થાટો ઊપજાવી શકાય પરંતુ હિન્દુસ્થાની સંગીત પ્રણાલીમાં એમાંથી માત્ર દશ થાટ લેવામાં આવ્યા છે જેમાંથી લગભગ સઘળા પ્રચલિત રાગો ઉત્પન્ન થઈ શકે છે. એ દશ થાટના સ્વરો અને નામો આ પ્રમાણે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧ બિલાવલ

सा, रे, ग, म, प, ध, नि, सा॑ ।

૨ કલ્યાણ

सा, रे, ग, मा, प, ध, नि, सा॑ ।

૩ ખમાજ

सा, रे, ग, म, प, ध, नि्, सा॑ ।

૪ ભૈરવ

सा, रे्, ग, म, प, ध्, नि, सा॑ ।

૫ પૂર્વી

सा, रे्, ग, मा, प, ध्, नि, सा॑ ।

૬ મારવા

सा, रे्, ग, मा, प, ध, नि, सा॑ ।

૭ કાફી

सा, रे, ग्, म, प, ध, नि्, सा॑ ।

૮ આસાવરી

सा, रे, ग्, म, प, ध्, नि्, सा॑ ।

૯ ભૈરવી

सा, रे्, ग्, म, प, ध्, नि्, सा॑ ।

૧૦ તોડી

सा, रे्, ग्, मा, प, ध्, नि, सा॑ ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાગ

योऽयं ध्वनिविशेषस्तु स्वरवर्णविभूषितः।
रंजको जनचित्तानां स रागः कथितो बुधैः ।।

"જે સ્વર અને વર્ણથી સજાવેલી છે, જેને શ્રવણ કરીને શ્રોતાઓનાં ચિત્ત પ્રસન્ન થાય છે તે ધ્વનિની વિશેષ રચના રાગ છે. એવું બુદ્ધિમાનોએ કહેલું છે."

गानक्रियोच्यते वर्णः सचतुर्धा निरूपितः।
स्थाय्यारोहवरोही च संचारीत्वथ लक्षणम् ।।

"ગાવાની ક્રિયાને વર્ણ કહે છે. વર્ણના ચાર પ્રકાર છે: (૧) સ્થાયી (૨) આરોહી (૩) અવરોહી (૪) સંચારી."

૧. સ્થાયી વર્ણ: એકના એક સ્વરને વારંવાર ગાવો તેને સ્થાયી વર્ણ કહે છે. सासारेरेग्ग्ममपऽऽऽ । કાફી રાગના આ આલાપમાં જુઓ सारेग्म આ ચારે સ્વરોની બે-બે આવૃત્તિઓ થઈ છે તેથી એ સ્વરોને 'સ્થાયી વર્ણ' કહી શકાય.

૨. આરોહી વર્ણ: નીચા સ્વરથી આરંભી ઊંચા સ્વર પ્રતિ ગતિ કરવી તેને 'આરોહી વર્ણ' કહે છે. सारेग्ऽमपऽपधनि्सां ।

૩. અવરોહી વર્ણ: ઊંચા સ્વર પરથી ઊતરી નીચા સ્વર પ્રાતે ગતિ કરવી તેને 'અવરોહી વર્ણ કહે છે. नि्धपमग्ग्रेरे ।'

૪. સંચારી વર્ણ: સ્થાયી વર્ણ આરોહી વર્ણ અને અવરોહી વર્ણના મિશ્રણને 'સંચારી વર્ણ' કહે છે. साऽसाऽरेरेग्ऽसारेपऽपऽमपधम-पऽपऽग्ऽरेऽ । કાફી રાગના આ આલાપમાં જ્યાં ષડ્જ, ઋષભ અને પંચમને થોભીને ગાયા છે ત્યાં સ્થાયી વર્ણ છે, જ્યાં સ્વરોનો ચઢવાનો ક્રમ છે ત્યાં આરોહી વર્ણ છે અને જ્યાં ઊતરવાનો ક્રમ છે ત્યાં અવરોહી વર્ણ છે. આ રીતે જ્યાં ત્રણે વર્ણનું મિશ્રણ થયેલું હોય ત્યાં સંચારી વર્ણ છે, એમ સમજવું. આ ઉપરથી ગાનક્રિયાને વર્ણ કહે છે તે ઉચિત જ છે એવું સિદ્ધ થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીચે દર્શાવેલા રાગવિધાયક નિયમો આધુનિક સમયમાં છે. (૧) પ્રત્યેક રાગ કોઈ થાટથી ઉત્પન્ન થયેલો હોવો જોઈએ. એમાં આરોહ, અવરોહ અને પકડ હોવાં જોઈએ. તેમજ તેનો ગાનકાળ પણ નક્કી કરેલો હોવો જોઈએ. (૨) રાગમાં ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સ્વરો હોવા જોઈએ. (૩) કોઈ પણ રાગમાં મધ્યમ અને પંચમ આ બંને સ્વર એક સાથે વર્જ્ય ન કરી શકાય — ગમે તે એક વર્જ્યં કરી શકાય. (૪) કોઈ પણ રાગમાં ષડ્જ વર્જ્યં ન કરી શકાય. (૫) રાગમાં એક જ સ્વરનાં બે રૂપ — તીવ્ર અને કોમળ છેક પાસે ન આવવાં જોઈએ. એક સ્વરનાં બે રૂપ છેક પાસે આવવાથી રાગની રંજકતા નષ્ટ થાય છે. (૬) રાગમાં વાદી, સંવાદી અને અનુવાદી સ્વરો હોવા જોઈએ. (૭) રાગમાં રંજકતા હોવી જ જોઈએ. તેમજ કોઈ રસની અનુભૂતિ પણ થવી જોઈએ.

રાગની મુખ્ય ત્રણ જાતિ છે: ઔડવ, ષાડવ અને સંપૂર્ણ

રાગની જાતિ સ્વરોની સંખ્યા ઉપરથી નક્કી કરવામાં આવે છે. જે રાગમાં પાંચ સ્વરોનો ઉપયોગ થતો હોય તે ઔડવ જાતિનો રાગ, જે રાગમાં છ સ્વરોનો ઉપયોગ થતો હોય તે ષાડવ જાતિનો રાગ અને જે રાગમાં સાત સ્વરોનો ઉપયોગ થતો હોય તે સંપૂર્ણ જાતિનો કહેવાય છે. હવે જો આરોહમાં પાંચ સ્વરો અને અવરોહમાં પણ પાંચ સ્વરો હોય તો તે ઔડવ-ઔડવ, આરોહમાં પાંચ અને અવરોહમાં છ સ્વરો હોય તો તે ઔડવ–ષાડવ, આરોહમાં પાંચ અને અવરોહમાં સાત સ્વરો હોય તો તે ઔડવ–સંપૂર્ણ કહેવાય છે. એવી રીતે છ-પાંચ સ્વરોનો રાગ ષાડવ-ઔડવ, છ-છ સ્વરોનો ષાડવ-ષાડવ, છ-સાત સ્વરોનો ષાડવ-સંપૂર્ણ કહેવાય છે. આ જ પ્રમાણે સાત-પાંચ સ્વરોનો રાગ સંપૂર્ણ-ઔડવ, સાત-છ સ્વરોનો સંપૂર્ણ–ષાડવ અને સાત-સાત સ્વરોનો સંપૂર્ણ-સંપૂર્ણ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂર્વાંગ–ઉત્તરાંગ તેમજ પૂર્વરાગ અને ઉત્તરરાગ

રાગ રચનામાં વૈવિધ્ય, સુન્દરતા અને મધુરતા આવે એટલા માટે સ્વરોનાં બે અંગ પાડવામાં આવ્યાં છે. પૂર્વાંગ અને ઉત્તરાંગ. પહેલું અંગ સા, રે, ગ, મ પૂર્વાંગ. બીજું અંગ પ, ધ, નિ, સાં ઉત્તરાંગ. જો રાગમાં વાદી પૂર્વાંગમાં હોય છે તો સંવાદી ઉત્તરાંગમાં હોય છે. વાદી-સંવાદી સ્વરો એક અંગમાં હોતા નથી. આથી પૂર્વાંગવાદી રાગને પૂર્વરાગ અને ઉત્તરાંગવાદી રાગને ઉત્તરરાગ કહેવાય છે. દિવસના બાર વાગ્યાથી રાત્રિના બાર વાગ્યા સુધીમાં જે જે રાગો પ્રચારમાં ગવાય છે તેમને પૂર્વરાગ માનવામાં આવે છે. અને રાત્રિના બાર વાગ્યાથી દિવસના બાર વાગ્યા સુધીમાં જે જે રાગો ગવાય છે તેમને ઉત્તરરાગ માનવામાં આવે છે. કિન્તુ એક મહત્ત્વની વાત ધ્યાનમાં રાખવાની છે તે એ કે જે રાગોમાં ષડ્જ, મધ્યમ અને પંચમ — આ સ્વરોમાંથી કોઈ વાદી હોય તો તેમનો પૂર્વરાગમાં પણ સમાવેશ થઈ શકે છે અને ઉત્તરરાગમાં પણ થઈ શકે છે. એનું કારણ પૂર્વાંગની સીમા ષડ્જથી પંચમ પર્યન્ત અને ઉત્તરાંગની સીમા મધ્યમથી તાર સપ્તકના ષડ્જ પર્યંત માનવામાં આવે છે— તે છે.

સંધિપ્રકાશ રાગ

જે રાગો સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પૂર્વે ગવાય છે તેને સંધિપ્રકાશ રાગો કહેવામાં આવે છે. એનો સમય સવારના ચારથી સાત વાગ્યાનો અને સાંજે પણ ચારથી સાત વાગ્યાનો માનવામાં આવે છે. સંધિપ્રકાશ વેળાએ કોમળ ઋષભ, કોમળ ધૈવત અને શુદ્ધ ગાંધારવાળા રાગો ગાવામાં આવે છે. અર્થાત્ ભૈરવ થાટ અને પૂર્વી થાટના રાગો ગાવામાં આવે છે. પ્રાતઃકાલીન સંધિપ્રકાશ વેળાએ ભૈરવ થાટના રાગો ગવાય છે અને સાયંકાલીન સંધિપ્રકાશ વેળાએ પૂર્વી થાટના રાગો ગવાય છે. પ્રાતઃકાલીન સંધિપ્રકાશવેળાએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોમળ ઋષભ-ધૈવત અને શુદ્ધ ગાંધાર સાથે અધિકતર શુદ્ધ મધ્યમ પ્રયુક્ત થાય છે અને સાયંકાલીન સંધિપ્રકાશ વેળાએ કોમળ ઋષભ-ધૈવત અને શુદ્ધ ગાંધાર સાથે અધિકતર તીવ્ર મધ્યમ પ્રયુક્ત થાય છે. પ્રાતઃકાલીન સંધિપ્રકાશ રાગો ગવાયા પછી શુદ્ધ મધ્યમ અને શુદ્ધ ધૈવતવાળા રાગો — બિલાવલ થાટના રાગો — પ્રાતઃકાલના સાતથી દશ વાગ્યા સુધી ગવાય છે અને સાયંકાલીન સંધિપ્રકાશ રાગો ગવાયા પછી તીવ્ર મધ્યમ અને શુદ્ધ ધૈવતવાળા રાગો — કલ્યાણ થાટના રાગો — સાંજના સાતથી દશ વાગ્યા સુધી ગવાય છે.

આશ્રયરાગ

પ્રત્યેક થાટમાંથી અનેક રાગો ઉત્પન્ન થાય છે તેથી પ્રત્યેક થાટને જનક અને પ્રત્યેક રાગને જન્ય કહેવામાં આવે છે. પ્રત્યેક થાટનું નામ — તેમાંથી જ ઉત્પન્ન થયેલા — એક પ્રસિદ્ધ રાગના નામ જેવું જ નામ રાખવાનો પ્રચાર છે. જે જન્યરાગનું નામ થાટને આપવામાં આવે છે તે રાગને આપણી સંગીત પ્રણાલીમાં આશ્રય-રાગ કહે છે. એક થાટમાંથી ઉત્પન્ન થયેલા અનેક રાગોને ધ્યાનપૂર્વક સાંભળવાથી એમાં આશ્રયરાગનો ઓછોવત્તો આભાસ થાય છે તેથી આશ્રયરાગ જ સર્વ રાગોનો જનક છે એવું ન માનવું જોઈએ. એક જ થાટમાંથી ઉત્પન્ન થયેલા કોઈ પણ રાગના નિયમની મર્યાદા ખંડિત થવાથી થાટવાચક રાગનો આભાસ થવા માંડે છે તેથી જ થાટવાચક રાગને આશ્રયરાગ કહેવાની પ્રથા પડી છે, બાકી થાટને રાગનું નામ તો માત્ર સુવિધાને અર્થે જ આપવામાં આવ્યું હોય છે.

શુદ્ધ, છાયાલગ તથા સંકીર્ણરાગ

શુદ્ધ રાગ: तत्र शुद्धरागत्वं नाम शास्त्रोक्तनियमाद्‌रंजकत्वं भवति । જે રાગ શાસ્ત્રોક્ત નિયમાનુસાર ગાવામાં આવ્યો હોય અને જે રંજન કરવાવાળો હોય તેને શુદ્ધ રાગ કહે છે. શુદ્ધ રાગમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અન્યરાગની છાયા જણાતી નથી. એનો સ્વતંત્ર વિસ્તાર કરી શકાય છે. ઉદાહરણ તરીકે કલ્યાણ, કાફી ઇત્યાદિ.

છાયાલગ રાગ: छायालगत्वं नामान्यच्छायालगत्वेन रक्तिहेतुत्वं भवति । જે રાગોમાં અન્ય રાગના સ્પષ્ટ આભાસ દ્વારા રંજન થાય છે તેને છાયાલગ રાગ કહે છે: ઉદાહરણ તરીકે પટદીપ.

સંકીર્ણ રાગ: संकीर्णरागत्वं नाम शुद्धच्छायालगमुख्यत्वेन रक्तिहेतुत्वं भवति । શુદ્ધ તથા છાયાલગ રાગોના સંમિશ્રણ દ્વારા સંકીર્ણ રાગોની ઉત્પત્તિ થાય છે. આ મિશ્રણ જનરંજનાર્થે હોય છે. ઉદાહરણ તરીકે પીલૂ.

વાદી સ્વર: प्रयोगे बहुलः स स्याद्वादी अंशो योग्यतावशात् । જે સ્વર રાગમાં મુખ્ય હોય છે અને જેનો ઉપયોગ બીજા સ્વરો કરતાં વિશેષ થાય છે તે વાદી સ્વર કહેવાય છે. વાદી માટે કહેવાયું છે: वदति इति वादीः । ' જે સ્વર રાગવાચક છે તે વાદી.' वादी स्वरस्तु राजास्यात् । વાદી સ્વર એટલે રાગનો મુખ્ય સ્વર — રાજા. વાદીને કોઈ કોઈ "જીવ સ્વર" પણ કહે છે.

સંવાદી સ્વર: વાદી કરતાં ઓછો વપરાતો સ્વર 'સંવાદી' ગણાય છે. સંવાદી સ્વર રાગમાં વાદીથી નીચી કક્ષાનો પણ મહત્વનો સ્વર છે — मंत्री संवादिसंज्ञितः । પ્રધાન. સંવાદી સ્વર વાદી સ્વરથી ચોથો કે પાંચમો હોય છે.

અનુવાદી સ્વરો: રાગમાં વાદી-સંવાદી સિવાયના બાકી રહેલા નિયમિત સ્વરો અનુવાદી કહેવાય છે. તેઓ વાદી-સંવાદીને રાગનું સ્વરૂપ મૂર્ત્ત કરવામાં સહાય કરે છે. अनुवादी च भृत्यवतः । એમને અનુચરોની ઉપમા આપી શકાય.

વિવાદી સ્વરો: કેટલાક એવા પણ સ્વરો હોય છે કે જેમનો રાગમાં ઉપયોગ કરવામાં આવતો નથી. એમનો ઉપયોગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવા જતાં રાગ હાનિ થવાનો પૂરેપૂરો સંભવ હોય છે. એવા સ્વરોને વિવાદી સ્વરો કહેવામાં આવે છે. स्वरो विवादी वैरी स्यात् । એમને શત્રુની ઉપમા આપી શકાય. ચતુર ગાયકો ક્યારેક ક્યારેક કુશળતાપૂર્વક રાગહાનિનો ભય જન્માવનારા વિવાદી સ્વરોનો કિંચિત્ પ્રયોગ કરે છે અને લેશ પણ રાગહાનિ થવા દેતા નથી. તદુપરાંત રાગની વિચિત્રતા અને સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે. કેદાર રાગમાં मा प ध नि् ध प। આ રીતે કોમલનિષાદનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે રાગની શોભા અને રંજકતા વધેલાં અનુભવાય છે.

વર્જ્ય સ્વર: રાગમાં જે સ્વરો છોડી દેવામાં આવે છે તેમને વર્જ્ય સ્વરો કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે દુર્ગા રાગમાં ગાંધાર અને નિષાદ વર્જ્ય છે. તે જ રીતે ભૂપાલીમાં મધ્યમ અને નિષાદ વર્જ્ય છે. કેટલાક રાગોમાં આરોહમાં વર્જ્ય કરેલા સ્વરો અવરોહમાં લેવાય છે. ઉદાહરણ તરીકે ભીમપલાસીના આરોહમાં ઋષભ અને ધૈવત વર્જ્ય છે પરંતુ અવરોહમાં લેવાય છે.

વક્ર સ્વર: આરોહમાં કે અવરોહમાં કોઈ એક સ્વર પર્યન્ત જઈ ત્યાંથી પાછા ફરી તે સ્વરને છોડી આગળના સ્વર પ્રતિ ગતિ કરવામાં આવે છે ત્યારે આ ક્રિયામાં જે સ્વરથી પાછા ફરીએ તે સ્વર વક્ર થયેલો ગણાય છે. ઉદાહરણ તરીકે सारेगमगपध આ સ્વરો લીધા તેમાં મધ્યમ સુધી સીધી ગતિ થઈ છે. પરંતુ પછી મધ્યમ પરથી પાછા ફરી ગાંધાર સ્વર લઈ પંચમ લીધો છે. सारेगमपध લેવાને બદલે सारेगमगपध લેવાથી મધ્યમ વક્ર થયો કહેવાય છે. આ જ રીતે અવરોહમાં सां निधपमग આમ સીધી ગતિ ન કરતાં सानिधनिपमग કરવાથી ધૈવત વક્ર થયો છે.

ગ્રહ સ્વર: गीतादिनिहितस्त स्वरो ग्रह इतीरितः । જે સ્વરથી ગીતનો આલાપ આરંભવામાં આવે છે તે સ્વર તે રાગનો ગ્રહ સ્વર ગણાય છે. પ્રાંચીન કાળમાં પ્રત્યેક રાગનો કોઈ નિશ્ચિત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વરથી પ્રારંભ કરવામાં આવતો હતો. એવો પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં ઉલ્લેખ કરેલો છે. આધુનિક કાળમાં આ પ્રકારનું નિયમ બંધન સ્વીકારેલું નથી.

ન્યાસ સ્વર: गीतेसमाप्तिकृन्यासः । જે સ્વરથી ગીતના આલાપની સમાપ્તિ કરવામાં આવે છે તે સ્વર તે રાગનો ન્યાસ સ્વર ગણવામાં આવે છે. ગ્રહસ્વરની સમાન આ પ્રકારનું નિયમ બંધન પણ આધુનિક કાળમાં સ્વીકારેલું નથી.

હિન્દુસ્થાની પદ્ધતિમાં ગવાતા ગીતપ્રબંધ

સ્વરમાલિકા: કોઈ પણ એક રાગમાં લાગતા સ્વરોની તાલબદ્ધ રચના જે રાગના સ્વરૂપને યોગ્ય રીતે વ્યક્ત કરતી હોય તેને સ્વરમાલિકા અથવા સ્વરાવર્ત્ત—સુરાવટ કહે છે. એને સરગમ પણ કહે છે.

લક્ષણ ગીત: રાગના નિયમો દર્શાવનારું તાલબદ્ધ ગીત જે તે જ રાગમાં રચેલું હોય છે તેને લક્ષણગીત કહે છે. આ ગીતમાં રાગમાં કયા કયા સ્વરો લાગે છે, કોમળ છે કે તીવ્ર, રાગની જાતિ, તેના વાદી-સંવાદી સ્વરો, તેનો ગાનકાળ વગેરે દર્શાવેલાં હોય છે.

ખ્યાલ: ખ્યાલ ફારસી ભાષાનો શબ્દ છે. એનો અર્થ છે 'કલ્પના.' ખરેખર એમાં કલ્પના અતિ ઉચ્ચ સ્થાને વિરાજે છે અને તેથી એનું 'ખ્યાલ' નામ ઉચિત જ જણાય છે. ખ્યાલમાં આલાપ, તાન, બોલતાન, ખટકા, મુર્કી, સરગમ અને કાવ્યના શબ્દો દ્વારા ભાવાભિવ્યક્તિ કરવામાં આવે છે. એમાં સ્વર અને શૃંગાર રસને પ્રાધાન્ય આપવામાં આવે છે અને લયકારીને ગૌણ ગણવામાં આવે છે. તિલવાડો, ઝૂમરો, આડા ચૌતાલ અને એક-તાલ ઇત્યાદિ તાલોમાં વિલંબિતલયમાં ગવાતા ખ્યાલોને બડાખ્યાલ —મોટા ખ્યાલ—કહેવામાં આવે છે. તેમજ ત્રિતાલ, એક-તાલ, ઝપતાલ અને રૂપક ઇત્યાદિ તાલોમાં મધ્ય અને દ્રુતલયમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગવાતા ખ્યાલોને છોટા ખ્યાલ — નાના ખ્યાલ — કહેવામાં આવે છે. ખ્યાલમાં બે ભાગ હોય છે: સ્થાયી અને અંતરો. ખ્યાલ તબલાની સંગતિથી અધિક શોભે છે.

ધ્રુવપદ: ધ્રુવપદ ગંભીર પ્રકૃતિના હોય છે. એ વીર શૃંગાર અને શાન્તરસ પ્રધાન ગણાય છે. ગાતી વખતે કંઠ અને ફેફસાંને બળ પડે છે તેથી એને 'મર્દાનાગીત' કહેવામાં આવે છે. ધ્રુવપદ ચૌતાલ, બ્રહ્મતાલ, રૂદ્રતાલ, સૂલતાલ, તીવ્રો, મત્તતાલ, શિખરતાલ, ઝંપો ઇત્યાદિ તાલોમાં ગાવામાં આવે છે. એમાં તાનોનો પ્રયોગ કરવામાં આવતો નથી. પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારની લયકારીઓ — દુગુણ, ત્રિગુણ, ચોગુણ, છગુણ ઇત્યાદિ — બોલતાન, ગમક અને મીંડ વગેરેનો પ્રયોગ કરવામાં આવે છે. પ્રાયઃ અધિકાંશ ધ્રુવપદના સ્થાયી, અંતરો, સંચારી અને આભોગ એવા ચાર ભાગો હોય છે. ધ્રુવપદ ગાયનની સાથે પખવાજની સંગતિ શોભે છે.

ખ્યાલ અને ધ્રુવપદ આ બંનેની ગાયનશૈલી ભિન્નભિન્ન છે. બંનેની શબ્દરચના પણ નિરાળી નિરાળી હોય છે. રસ અને ભાવ વ્યક્ત કરવાની શૈલી પણ પૃથક્ પૃથક્ હોય છે. આધુનિક કાળમાં ખ્યાલ-ધ્રુવપદના ગાયનને જ ઉચ્ચશ્રેણીનું ગાયન માનવામાં આવે છે.

ધમાર: ધમાર નામના તાલમાં ગવાતા ગીતને 'ધમાર' કહેવામાં આવે છે. એમાં વિશેષ કરીને રાધાકૃષ્ણની કે ગોપી-કૃષ્ણની ફાલ્ગુન માસની લીલાનું વર્ણન હોય છે. ધ્રુવપદ સમાન આમાં પણ દુગુણ, ત્રિગુણ, ચોગુણ, બોલતાન અને ગમક ઈત્યાદિનો પ્રયોગ કરવામાં આવે છે. ધમારને કોઈ કોઈ 'હોળી' પણ કહે છે. પરંતુ આધુનિક હોળી, કાફી, ખમાજ વગેરે રાગોમાં વિશેષ કરીને દીપચંદી અને ત્રિતાલ તાલમાં ગવાય છે.

તરાના: તરાનાની ગાયનશૈલી ખ્યાલને મળતી છે. એના ગીતના શબ્દો નિરર્થક હોય છે. તાનાદારે, તદારે, ઓદાની દીમ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તનોમ, દિર દિર દાની ઈત્યાદિ. ક્યાંક ક્યાંક એમાં તબલાના કે મૃદંગના બોલ પણ હોય છે. તરાનામાં સ્થાયી અને અંતરો એવા બે વિભાગ હોય છે. પ્રાય: એનો આરંભ મધ્યલયથી કરવામાં આવે છે અને દ્રુતલયમાં સમાપ્તિ કરવામાં આવે છે. તરાના દ્રુતલયમાં અત્યંત શોભી ઊઠે છે. શ્રોતાઓના મનને પ્રસન્નતાથી છલોછલ ભરી દે છે. એમાં તાનોનો પ્રયોગ પણ થઈ શકે છે અને લયકારીનું કૌશલ્ય પણ દાખવી શકાય છે.

ઠુમરી : ઠુમરીના કાવ્યમાં શબ્દો ન્યૂન હોય છે પરંતુ ગાયક વિવિધ અભિનયો અને વિવિધ સ્વરસમૂહો દ્વારા એનો અર્થ અધિક સ્પષ્ટ કરે છે. ઠુમરી શૃંગાર રસ પ્રધાન છે. એની પ્રકૃતિ ચંચળ માનવામાં આવે છે. ઠુમરી પ્રાયઃ ખમાજ, દેસ, તિલકકામોદ, તિલંગ, પીલૂ, કાફી, ભૈરવી, ઝિંઝોટી, બરવા ઈત્યાદિ રાગોમાં અને અધિકતર પંજાબી, ત્રિતાલ અથવા દીપચંદી તાલમાં ગાવામાં આવે છે. લખનૌ અને બનારસ ઠુમરી ગાયકીને માટે પ્રસિદ્ધ છે. ઠુમરીમાં રાગની શુદ્ધતાની ઈરાદાપૂર્વક ઉપેક્ષા કરવામાં આવે છે. અર્થાત્ એને અનેક રાગોનું મિશ્રણ કરી ગાવામાં આવે છે. એમાં મીંડ અને કણસ્વરોનો અધિક પ્રયોગ કરવામાં આવે છે.

ટપ્પા : ટપ્પાની ગાયકીનો આરંભ પંજાબથી થયો છે તેથી પરંપરામાં ઊતરી આવેલાં તેનાં ગીતોમાં પંજાબી ભાષાના શબ્દો હોય છે. ટપ્પાની પ્રકૃતિ ચંચળ છે. એમાં શૃંગારરસ પ્રધાન છે. એ ખમાજ, કાફી, બરવા, ઝિંઝોટી, પીલૂ, ભૈરવી અને માંડ ઈત્યાદિ રાગોમાં અને ટપ્પા નામના તાલમાં દ્રુતલયમાં ગાવામાં આવે છે. ટપ્પામાં આલાપ નથી લેવાતા. એમાં તાનો, ખટકા અને મુર્કીની પ્રધાનતા હોય છે. એનું વિસ્તાર ક્ષેત્ર મધ્યસપ્તક અને તારસપ્તક છે. મંદ્ર સપ્તકમાં એની ગતિ નથી.

ચતુરંગ : ખ્યાલ, તરાનો, સરગમ અને ત્રિવટ આ ચાર અંગથી યુક્ત ગાયનને ચતુરંગ કહે છે. પહેલા અંગમાં ગીતના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શબ્દો, બીજામાં તરાનાના શબ્દો, ત્રીજામાં તે જ રાગની સરગમ અને ચોથા અંગમાં મૃદંગના બોલ અથવા કોઈ નાની પરન હોય છે. ચતુરંગને ખ્યાલની રીતે જ ગાવામાં આવે છે. વિદ્વાનો ચતુરંગ ગાયનને અધિક પ્રાચીન માનતા નથી.

ભજન અને ગીત: જે કાવ્યમાં પ્રભુપ્રાર્થના હોય છે, હરિનાં ગુણગાન હોય છે, જીવને લક્ષી ઉપદેશ આપેલો હોય છે કે જ્ઞાન–યોગ–ભક્તિની ચર્ચા કરેલી હોય છે તેને ભજન કહે છે. તે જ પ્રમાણે જે કાવ્યમાં લૌકિક વર્ણનો હોય છે તેને ગીત કહે છે. બંને શબ્દ પ્રધાન છે. ભજનો અને ગીતો સંમિશ્ર રાગોમાં અને શુદ્ધ રાગોમાં પણ ગવાય છે કિન્તુ એમાં શબ્દના ભાવને અનુરૂપ જ નાદ રચના હોય છે—અથવા રાગબંધન હોતું નથી. ભજન અને ગીત અધિકતર કેરબો, ધુમાળી, દાદરો, ત્રિતાલ, દીપચંદી, રૂપક ઈત્યાદિ તાલોમાં ગાવામાં આવે છે. એમાં આલાપ–તાન નથી હોતાં. બંનેની સરળસંગીતમાં ગણત્રી થાય છે.

ગઝલ: ગઝલનો આદિ સ્રોત તો ઉર્દૂ અથવા ફારસી ભાષામાંથી આવ્યો છે. એનો પ્રધાનરસ શૃંગાર છે. એની શબ્દ રચના ચિત્તાકર્ષક હોય છે. એમાં અનેક અંતરા હોય છે પરંતુ તે બધા એક સરખી રીતે જ ગાવામાં આવે છે. જે રાગોમાં ઠુમરી અને ટપ્પા ગવાય છે તે રાગોમાં ગઝલો પણ ગવાય છે. ભજન અને ગીતની માફક ગઝલની પણ સરળસંગીતમાં ગણત્રી થાય છે.

ધાતુ

સ્થાયી, અંતરો, સંચારી અને આભોગ—ગીતના આ ચાર અવયવો છે. પ્રાચીન ગ્રંથકારોએ આ અવયવોને 'ધાતુ'ની સંજ્ઞા આપી છે. ખ્યાલમાં સ્થાયી અને અંતરો આ બે અવયવો હોય છે પરંતુ મોટા ભાગના ધ્રુવપદોમાં પૂર્વકથિત ચારેચાર અવયવો હોય છે. સ્થાયી અને અંતરાવાળા ધ્રુવપદ છે, પણ ઘણા ઓછા. સંચારીને કોઈ કોઈ 'ભોગ' પણ કહે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થાયી : મન્દ્ર સપ્તક અને મધ્ય સપ્તકમાં ગીતનો વિસ્તાર થાય છે તેને સ્થાયી કહે છે.

અંતરો : મધ્યસપ્તક અને તાર સપ્તકમાં ગીતનો વિસ્તાર થાય છે તેને અંતરો કહે છે.

સંચારી : સંચારીની રચના વિશેષ કરીને ષડ્જ, મધ્યમ અથવા પંચમથી આરંભાય છે અને તેની ક્ષેત્રમર્યાદા ઘણું કરીને તારસપ્તકના ષડ્જ સુધીમાં સમાપ્ત થાય છે.

આભોગ : આભોગની રચનામાં તારસપ્તકના સ્વરોનું પ્રાધાન્ય હોય છે. એનું સ્વરૂપ અંતરાથી કાંઈક નિરાળું છે.

તાન

येन विस्तार्यते रागः स तानः कथ्यते बुधैः।
शुद्धकूटविभेदेन द्विविधास्ते समीरिताः।।

